### રાજ્યમાં અનામત દળ જૂથ-૨૦ ઉભુ કરવા પોલીસ વડાની દરખાસ્તને સરકારની મંજૂરી

# ગુજરાતમાં ૧૨૦૦ જવાનોની નવી SRPF બટાલિયન બનશે

## SRPની ૧૯ પૈકી ૩ બટાલિયન ઓએનજીસી, સરદાર સરોવર અને મરીન ટાસ્ક માટે ફળવાયેલ છે

વડોદરા, તા.૨૧

ગુજરાતમાં ક્રિટીકલ સેક્ટરની સલામતિના હેતુથી એક અલાયદા પોલીસ દળ જૂથ ઉભુ કરવા માટે રાજ્યના પોલીસ વડાએ સરકારને દરખાસ્ત કરી હતી. જે અંતર્ગત સરકાર દ્વારા રાજ્ય અનામત દળ સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ બટાલીયનને બનાવવાની મંજૂરી આપી છે. નવા બનેલા અનાતમ દળ જૂથ-૨૦માં ૧૨૦૦ જગ્યાઓ ભરાશે. રાજ્યમાં એસ.આર.પી.ની ૧૯ બટાલીયન છે, જે પૈકી એક-એક બટાલીયન ઓ.એન.જી.સી. અને સરદાર સરોવર નર્મદા નિગમ ખાતે ફરજ બજાવે છે. જ્યારે અન્ય એક બટાલીયન મરીન ટાસ્ક માટે ફાળવાયેલ છે. છેલ્લા કેટલાક સમયથી સરકારના જ કેટલાક મહત્ત્વના વિભાગો દ્વારા સુરક્ષા અને સલામતિ માટે પેમેન્ટના ધોરણે પોલીસ ફોર્સ ફાળવવા માટે માંગણીઓ થતી હોય છે. પરંતુ એસ.આર.પી. ની ઘટ હોવાથી મહત્ત્વના સરકારી એકમોને સુરક્ષા ફાળવાઈ શકતી ન હતી.

જેથી રાજ્યના પોલીસ વડાએ ક્રીટીકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સુરક્ષા અને સલામતિ માટે નવું બટાલિયન જૂથ ઉભુ કરવાની દરખાસ્ત કરાઈ હતી. આ દરખાસ્ત લગભગ ૬ મહિનાથી સરકારના વિચારણા હેઠળ હતી.

તાજેતરમાં જ સરકાર દ્વારા રાજ્યમાં ૨૦મું અનામત પોલીસ દળ જૂથ ઉભુ કરવાની મંજૂરીની દરખાસ્ત પર મહોર લગાવી હોવાનું જાણવા મળ્યું છે.

ફીક્સ પગારથી ૯૮૬ ભરતી : આર્મ્ડ પીએસઆઇ (૨૫), પીએસઆઇ (૮), આર્મ્ડ પો.કો.(૮૪૭), જુની.ક્લાર્ક (૭), જુની.ફાર્માસીસ્ટ (૧), નર્સ (૧), ઇલેક્ટ્રીશિયન (૨), ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ (૧), ગુજરાતી-અંગ્રેજી ટાઇપીસ્ટ (૨), રેડીયો ઓપરેટર (૧૦), રસોયા (૨૪), પટાવાળા (૪) વગેરેનો સમાવેશ થાય છે.

### એસઆરપીએફ ક્રિટીકલ સેક્ટરની સુરક્ષા માટે કામ કરશે

સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ રાજ્ય અનામત પોલીસ દળનું ૨૦મું જૂથ છે. ગુજરાતમાં સરદાર સરોવર નર્મદા નિગમ, પેટ્રોકેમિકલ, ઉર્જા વગેરે જેવા ક્રિટીકલ સેક્ટર છે. સીઆરપીએફ આ પ્રકારના વિશેષ ક્રિટીકલ સેક્ટરોની સુરક્ષા માટે કામ કરશે. પી.સી.ઠાકુર, પોલીસ વડા-ગુજરાત

### વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ની જગ્યાઓ ભરાશે

પુરા પગારથી ૨૧૪ની ભરતી :સેનાપતિ વર્ગ-૧ (૧), હથિયારી નાયબ પોલીસ અધિક્ષક વર્ગ-૧ (૩), આર્મ્ડ પીએસઆઇ (૭), આર્મ્ડ મદદનીશ સબ ઇન્સ્પેક્ટર (૯૫), આર્મ્ડ હેડ કોન્સ્ટેબલ (૯૭), મેડીકલ ઓફીસર (૧), કચેરી અધીક્ષક (૧), હેડ ક્લાર્ક (૩), સીનીયર ક્લાર્ક (૬)